*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 07

## SAANS અભિયાન



- ચર્ચામાં શા માટે ?
- આ અભિયાન વિશે ?
- ન્યુમોનિયા વિશે :-


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)


**TOPIC-07**નો
વીડિયો જોવા માટે અહીં
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in | t.me/icerajkotofficial | 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા SAANS નામના રાષ્ટ્રવ્યાપી અભિયાનની શરૂઆત ગુજરાતથી કરવામાં આવી છે.
- SAANS નું પુરું નામ Social Awareness and Action to Neutralise Pneumonia Successfully છે. જેનો અર્થ 'સફળ રીતે ન્યુમોનિયાના તટસ્થીકરણ માટેની સામાજિક જાગૃકતા અને પગલાંઓ' એવો થાય છે.

## આ અભિયાન વિશે ?

- આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ નવજાત બાળકોમાં ન્યુમોનિયાના કારણે થતાં મૃત્યુદરને ઘટાડવાનો છે.
- આ અભિયાનમાં બાળકોને ન્યુમોનિયાથી બચાવવા માટે લોકોને એકત્રિત કરવામાં આવશે.
- ઉપરાંત આ રોગની સારવારને પ્રાધાન્યતા આપવા માટે આરોગ્ય કર્મચારીઓ અને અન્ય હિસ્સેદારોને તાલીમ આપવામાં આવશે.
- આ અંતર્ગત ન્યુમોનિયાથી અસરગ્રસ્ત બાળકને આશા (ASHA) કાર્યકર્તાઓ દ્વારા એમોક્સી-સીલીન નામની એક એન્ટિ-બાયોટીક દવાનો ડોઝ આપવામાં આવશે.
- બાળકોના રક્તમાં ઓક્સિજનનું પ્રમાણ જાણવા માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર પલ્સ-ઓક્સિમીટર (Pulse Oximeter) નામનું ઉપકરણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ દરેકની સાથે-સાથે ન્યુમોનિયાને રોકવા માટેના અસરકારક ઉપાયોની જાણકારી આપતો લોક જાગૃતિ કાર્યક્રમ પણ ચલાવવામાં આવશે.

## ન્યુમોનિયા વિશે :-

- ન્યુમોનિયા એ બેક્ટેરિયા, વાયરસ અને ફૂગ એમ ત્રણેય દ્વારા ફેલાતો રોગ છે.
- આ રોગમાં મુખ્યત્વે ફેફસાને અસર થાય છે. તેમજ કફ, તાવ, ઠંડી લાગવી તથા શ્વાસ લેવામાં તકલીફ પડવી વગેરે જેવા લક્ષણો જોવા મળે છે.
- રસીકરણ દ્વારા આ રોગને અટકાવી શકાય છે તથા આ રોગની સારવાર પણ શક્ય છે.
- વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) મુજબ ન્યુમોનિયા એ બાળકોમાં મૃત્યુનું સૌથી મોટું કારણ છે.
- વિશ્વમાં 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકોના મૃત્યુના કિસ્સામાં 18% મૃત્યુ ન્યુમોનિયાના કારણે થાય છે.
- ભારત માટે ન્યુમોનિયાના કારણે થતાં બાળમૃત્યુનો આંકડો 15% છે. તથા દર વર્ષે ભારતમાં 9 લાખ બાળમૃત્યુ પૈકી 1.40 લાખ બાળકો માત્ર ન્યુમોનિયાના કારણે જ મૃત્યુ પામે છે.
- ભારત સરકારના લક્ષ્ય મુજબ વર્ષ 2025 સુધીમાં ન્યુમોનિયાને કારણે થતો બાળ મૃત્યુદર 3 પ્રતિ 1000 કરવાનો છે, જે હાલ 5.33 પ્રતિ 1000 છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT